જીવન અત્યંત સંક્ષિપ્ત છે
અતઃ સંપત્તિનો જેટલો
સદુપયોગ થઇ શકે તેટલી
ત્વરાથી કરો
- સેમ્યુઅલ જોન્સન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર



gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૧ | ૨૧ નવેમ્બર, ૨૦૧૨, બુધવાર; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



અમારા માનવંતા ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો, સ્નેહીજનોને નૂતન વર્ષાભિનંદન

YAMAHA
નૂતન વર્ષનો ઉજવો ઉમંગ
YES! YAMAHA
આપની મનપસંદ યામાહા બાઈક અને સ્કુટરને સંગ



ડાઉન પેમેન્ટ
રૂ.9999/-* થી શરૂ
અથવા
9.9%* ના
વ્યાજ દરે



• NO ADVANCE EMI
• NO ECS CHARGE
• NO HIDDEN CHARGE
• STAMP DUTY AS ACTUAL

BAF India

આજે જ બૂક કરાવો

KOMFORT YAMAHA 18, જી.ટી.એસ., ઈન્ડસ્ટ્રીયલ ઝોન, સેક્ટર-૩૦, ગાંધીનગર. Ph.: 23262430/31 (M) 9925702842


# રવિ પાકનું ૧૨ હજાર હેક્ટરમાં વાવેતર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો આરંભ થઈ ચુકયો છે અનો છેલ્લા એક સપ્તાહમાં જ ૧૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યું છે.

જિલ્લામાં ઠંડીના થયેલા સારા આરંભને પગલે અત્યાર સુધીમાં ૫ હજાર હેક્ટર વિસ્તારમાં ઘઉનું વાવેતર થઈ ચુક્યુ છે. ઘઉંનું બિયારણ ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં ઉપલબ્ધ નહિ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

પ્રાપ્ત તતી વિગતો મુજબ શાકભાજીના રાજા તરીકે જેની ગણના થાય છે તેવા બટાટાની ખેતી પણ આ વખતે વિક્રમી થશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં દહેગામ અને ચિલોડા પંથકમાં સાડાચાર હજાર હેક્ટરમાં આ પાકનું વાવેતર થવા પામ્યું છે.

રાયડો અને શાકભાજીના પાકોના વાવેતરમાં પણ સારો એવો વધારો થવા પામ્યો છે. આ પાકો ઉપરાંત ઘાસચારાનું વાવેતર સારૂ થઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે હાલ જિલ્લામાં વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે ખેતીમાં વાવેતરની કામગીરી થોડીક ધીમી ગતિએ ચાલી રહી છે. આ ઉપરાંત બટાટામાં પણ લોકસ અને એલ.આર.નું બિયારણ ગત વર્ષની તુલનામાં થોડુક મોંઘુ હોવાથી ખેડૂતો પોખરાજ અને બાદશાહનું વાવેતર વધુ કરી રહ્યા છે.

ઘઉંના બિયારણની સિઝનના પ્રારંભમાં જ અછત ઉભી થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે. જો કે બિયારણનો વધુ જથ્થો એકાદ બે દિવસમાં ઉપલબ્ધ થઈ જશે તેવી હૈયાધારણ ખેડૂતોને અપાઈ રહી છે.

જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનનું ૬૫ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો છે.



મંગળવારે જલારામ જયંતિ નિમિત્તે ગાંધીનગર શહેરમાં જલારામ બાપાની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. પાંચ હજાર જેટલા ભક્તો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હોવાના અહેવાલ છે. (તસવીર : દિપક જાની)

# કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકોની સમજૂતીમાં ગૂંચ

ગાંધીનગર, તા. ૨૦

બેઠકો અંગે સમજૂતી ન સધાતા કોંગ્રેસ અનો એન.સી.પી. વચ્ચેનું જોડાણ ભંગાણના આરે આવવા પામ્યું છે. એન.સી.પી.ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષે તો એકલા હાથે ગુજરાતમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે.

દિલ્હીમાં આજે કોંગ્રેસ અને એન.સી.પી.ના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં બન્ને પક્ષોના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં ૨૨ બેઠકો એન.સી.પી.ને આપવા માટેની માંગણી કોંગ્રેસ સમક્ષ એન.સી.પી.ના પ્રદેશ અધ્યક્ષ જયંત બોસકી દ્વારા કરવામાં આવી હતી.

જો કે કોંગ્રેસ એન.સી.પી.ને ગુજરાતમાં વધુમાં વધુ ૧૦ બેઠકો અને તે પણ અમુક જિલ્લામાં જ આ બેઠકો ફાળવવા તૈયાર છે. જ્યારે એન.સી.પી.એ ગુજરાતમાં વાવ સહીત મહત્વની કોંગ્રેસના કબજાવાળી ચાર બેઠકો એન.સી.પી.ને જ આપવા માટેનો આગ્રહ રાખતાં કોંગ્રેસ અને એનસીપી વચ્ચે આજે બેઠકો અંગે કોઈ સમજૂતી ન સધાતા મંત્રણા પડી ભાંગી હતી.


ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

તા. 22-11-12 સુધી

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

જ્યારે ભૂખથી પીડાય છે ગુજરાત...

ગુજરાતનું ઘવાય છે સ્વાભિમાન



આવી અવદશા કરી છે ભાજપ સરકારે

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે પ્રમાણે; પૌષ્ટિક ખોરાકના અભાવે; ગુજરાતના પાંચ વર્ષ સુધીના ૪૫ ટકા બાળકો ઉંમરના પ્રમાણમાં ઓછું વજન ધરાવે છે. બાવન ટકા બાળકો ઓછી ઊંચાઇ ધરાવે છે.

ગુજરાતની ૩૬ ટકા મહિલાઓ અતિકુપોષિત છે. પોષણના અભાવે ગુજરાતની ૫૬ ટકા મહિલાઓ નબળા શરીરવાળી છે. અનેક રાજ્યો કરતાં ગુજરાતમાં કુપોષણની ચિંતાજનક સ્થિતિ છે.

ભારતીય માનવ વિકાસ-૨૦૧૧ના રિપોર્ટ પ્રમાણે ગુજરાત ભૂખમરાની સમસ્યામાં ૧૩મા ક્રમે આવે છે.

વાસ્તવિકતાની ચિંતા કરવાને બદલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તો મહિલાઓની મશ્કરી કરતા હોય તેમ કહે છેઃ

**"ગુજરાત શાકાહારી રાજ્ય છે... મીડલ-કલાસ મહિલાઓ હેલ્થ કોન્સિયસ કરતા વધુ બ્યુટી કોન્સિયસ છે... તેથી કુપોષણની સમસ્યા છે..."**

... આ છે એમની વિચારધારા.

ભાજપનો ઉઘાડો પડયો છે દંભ
આ છે હવે અંતનો આરંભ

પ્રકાશક : વિકાસ પરિષદ ગુજરાત

Pursuing excellence.
For shaping a brighter India.



- Generation Capacity - 1647.5 MW
- Distributing over 14.5 billion units of power annually
- Over 2.5 million customer base in Gujarat, Maharashtra and Uttar Pradesh
- Unmatched 99.8% reliability in its license area
- Lowest T&D losses in the country at about 7.23% in its license area
- Innovative customer care initiatives
- First Urban Distribution Franchisee in Bhiwandi, Maharashtra
- Operating in Agra as Distribution Franchisee of DVVNL
- Awarded Distribution Franchise for Kanpur

torrent POWER
Generating Trust. Distributing Opportunities